**E-Mail**
તાત્કાલિક/અગત્યનું

ક્રમાંક:- ઉમશ/ઉમા-૩/વ.મ./૨૦૨૧/૪૭૯૫-૪૬૩૦
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુ.રા., તા.૯/૭/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

**વિષય:-બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જૂન ૨૦૨૧થી ધો-૯/૧૦ના વર્ગ વધારા, ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો૧૧/૧૨ના વર્ગ વધારાની જાહેરાતની બહોળી પ્રસિદ્ધિ તથા સુચનાઓ બાબત.**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્ય. અને અને ઉ.મા. શાળાઓમાં જૂન-૨૦૨૧થી ધો-૯/૧૦ના વર્ગ વધારા, ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ના વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત તા. ૫/૦૭/૨૦૨૧ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા ક્રમિક વર્ગ/વર્ગ વધારાની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૭/૨૦૨૧અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ સ્થળતપાસ કરી અરજી કમિશનર કચેરીને ઓનલાઇન સબમિટ કરવાની **છેલ્લી તારીખ ૨૨/૮/૨૦૨૧ છે.**

આપના જિલ્લાની શાળાઓ વર્ગ વધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) વર્ષ ૨૦૨૦-૨૧ બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ/વર્ગવધારા માટે નિયત થયેલ દરખાસ્ત ફી ૨૫૦૦ રૂ ઓનલાઈન જમા કરાવવાના રહેશે.(ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લીકેશન ફોર્મ ખૂલશે જેની ખાસ નોંધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સૂચનાઓ આપશો.

(૨) વર્ગવધારાની જરૂરીયાત માસ પ્રમોશનના કારણે ઉભી થયેલી હંગામી જરૂરીયાત હોય તો તે અંગે સ્પષ્ટતા અવશ્ય કરવાની રહેશે.અને તે મુજબની જાણ આપના તાબાની તમામ શાળાઓને કરશો જેથી કરીને તેવી શાળાઓ આવી હંગામી વર્ગો માટે દરખાસ્ત ન કરે તેમ છતાં જો કોઇ શાળાએ દરખાસ્ત કરી હોય તો તેવા વર્ગ વધારા માટે ભલામણ ન કરવી. જાહેરાતમાં દર્શાવ્યા મુજબ ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમજ આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજુ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણ સહીત રીમાર્કસ આપવાના રહેશે.

(૩) કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઈન આઈડી/પાસવર્ડ આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. આ પાસવર્ડ મળતાની સાથે જ તુરંત જ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ **Reset**(નવો પાસવર્ડ) કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે. જો આ પાસવર્ડ લીક થવાથી વર્ગમંજુરીની દરખાસ્ત અન્વયે કોઇપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી રહેશે.

(૫) આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્ચિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની

કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પુર્તતાના રીમાર્કસ સહ પરત કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામા પૂર્તતા થયા બાદ જ ઓનલાઈન નિયામકશ્રી,શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. જેની નોંધ લેશો.

(૬) આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે, "શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પુર્તતા કરી દરખાસ્ત પુનઃસબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળામંડળ/આચાર્ય જવાબદાર બનશે."

(૭) તા. ૩૧/૦૭/૨૦૨૧ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૮) આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્કસ /નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ તા.૨૨/૮/૨૦૨૧ સુધીમાં દરખાસ્ત **Online** સબમીટ કરવાની રહેશે.

(૯)અત્રેની કચેરી તરફથી ક્વેરીમાં મોકલવામાં આવતી દરખાસ્તની વિગતો **Copy** કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ક્વેરીના **box** માં **Paste** કરવાની રહેશે, ત્યારબાદ શાળાકક્ષાએ મોકલવી જેથી, શાળા ક્વેરીની વિગતો સ્પષ્ટ રીતે જાણી શકે.

(૧૦) COVID 19 ની પરિસ્થિતીના કારણે ભૌતિક રીતે કલાસરૂમમાં વિદ્યાર્થીની હાજરી ન હોવાથી દૈનિક હાજરી બુકની નકલના સ્થાને જો ઓનલાઈન કલાસ ચલાવવામાં આવતા હોય તો તેની હાજરી અન્યથા રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યાની વિગતના અન્ય આધાર કે આર્ચાયનું રજી.સંખ્યા અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવું.

(૧૧)જિલ્લા સ્તરે મળેલ ક્વેરી દિન ૦૩ ની સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

(૧૨) આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ તા.૩૧/૦૭/૨૦૨૧સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, પ્રવાહ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજિસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.

(૧૩)આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત **submit** ન થાય તેની ખાસ કાળજી લેશો.

(૧૪)શાળાની **Online** દરખાસ્તો મળતાં જ આપની સ્થળતપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી . સબમીશન માટે અંતિમ તા.૨૨/૮/૨૦૨૧ની રાહ ન જોતાં દરખાસ્ત **Online** સબમીટ કરતાં જશો.

ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

S.K. Gund

શ્રેયાંસ અધિક્ષક
૧૦+૨ ખાસ ઘટક
ગ.રા.. ગાંધીનગર

પરીપત્ર નં - ૭૨૭

ક્માંક:માધ્ય/મ-૨/વર્ગ વધારો/૨૦૨૧-૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી, તા.૧૨/૦૭/૨૦૨૧

ઉપરોક્ત પત્રની જાણ તથા અમલ સારૂ

DMશ્ર

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ તમામ
જિ.અમરેલી